6359

phone: 251424
grams: surajyam

swatantra party
national headquarters
sassoon building, 143, mahatma gandhi road, bombay 1.

For favour of publication

Bombay, April 3.

Mr. M.R. Masani has tendered his resignation as President of the Swatantra Party. In a letter to members of the General Council, which meets on April 17 and 18 in Bombay and will consider the letter, Mr. Masani has explained that the reason for his resignation is the acceptance of what he describes as a sound principle of administration, whether in civil, military, business or political life, that when a disaster overtakes a country, army or organisation, the man at the helm of affairs should take responsibility for the debacle and hand over office to someone who may bring fresh ideas and an open mind to the task.

Mr. Masani has expressed the view that the present plight of the Party is a cumulative result of several shortcomings and mistakes and that, as President of the Party, he should take his full share of responsibility for them. The Swatantra President has expressed the hope that, by accepting his resignation, the Swatantra Party would help in providing an example of an exception to the common tendency of politicians to make excuses for hanging on to office, whether in government or elsewhere. He has assured members of the Council that, as a member of the Party, he proposes to continue to advocate the philosophy and principles of the Party to the best of his capacity.

---

Not to be published :

(S. V. Raju)
Executive Secretary

phone: 251424
grams: surajyam

swatantra party
national headquarters
sassoon building, 143, mahatma gandhi road, bombay 1.

એપ્રીલ, ૨, ૧૯૭૧.

પ્રિય સાથી,

આપ જાણો છો તેમ, જેને અમેરીકનો કહે છે એમ સામાન્ય ચૂંટણીના પરિણામો નજર સમક્ષ રાખીને આપણા પક્ષની પરિસ્થિતિનો "દુઃખદ આત્મખોજ" કરવા આપણા પક્ષની જનરલ કાઉન્સીલ મુંબઇમાં તા. ૧૭ અને ૧૮ એપ્રીલે મળશે. આ પરિણામો ઘણી રીતે આપણા પક્ષ માટે અને ખાસ કરીને દેશ માટે આફતરૂપ પુરવાર થયા છે. આ સમયે આપણું પ્રથમ કાર્ય એ હશે કે આપણે ગંભીરતાપૂર્વક વિચારવું કે પક્ષને તેના ભાવિ માટે કેવો નવો રૂપ આપવો જેથી કરીને આપણો પક્ષ દેશની આઝાદી જાળવી શકે અને તેને પ્રગતીના માર્ગે લઇ જઇ શકે.

મને ખાત્રી છે કે ચૂંટણી પછી આ બાબત પર આપે ઉંડો [illegible] કર્યો હશે. મેં પણ થોડી આત્મખોજ કરી છે. આવા સમયે, એ બહેતર છે કે આપણને ગાંધીજી સલાહ આપતા હતા તેને યાદ કરવી "દીવાની રોશની અંતરઆત્મા તરફ વાળો" આ સલાહ અનુસાર આત્મખોજ ધ્વારા હાલની પરિસ્થિતિનો બે પ્રકારની હિમ્મતથી સામનો કરવો જોઇએ. એક તો એ કે આપણા ધ્યેય માટે જુદી રીતરસમથી લડત ચાલુ રાખવાની હિમ્મત અને બીજું, આપણી ભુલોનો સ્વીકાર કરી તેનાથી શીખવાની હિમ્મત.

હું અમુક નિર્ણયો પર આવ્યો છું તે એ છે કેઃ-

૧) દેશમાંના આપણા સૌની સમક્ષ પાયાના રાજકીય શિક્ષણનું કપરૂં કામ છે. આ કામ એ છે કે આપણી વિરાટ જનતા તથા શિક્ષિત વર્ગને લોકશાહીના મુલ્યો, તથા આજ દિવસ લગી આપણે ભોગવતા આવ્યા છીએ તેવી મુક્ત સંસ્થાઓની મહત્વતાનું શિક્ષણ આપવું. અને મૂળભૂત આર્થિક સિધ્ધાંતોની થોડી સમજણ આપવી.

૨) જે આપણા જેવા બીજા લોકશાહીમાં માનતા વિરોધ પક્ષો આ રાજકીય, આર્થિક કેળવણી અને જાગૃતી આપવાનું કામ બજાવવા માગતા

હોય તો આવા પક્ષોએ નવી નેતાગીરી, જે ખાસ કરીને જવાન વ્યક્તિઓની હોય, તેને સ્વીકારવી પડશે.

વહીવટીતંત્ર, પછી તે લશ્કરી, મુલ્કી, ધંધાકીય કે રાજકીય હોય, તેનો એક સુધ્ધર સિધ્ધાંત એ છે કે જ્યારે દેશ લશ્કર અગર સંસ્થાને પરાજય સાંપડે ત્યારે પરાજય માટે સુત્રધાર વ્યક્તિએ બધી જવાબદારી પોતાના માથે લઇ બીજી વ્યક્તિને હોદ્દો હવાલે કરવો જેથી કરીને તે વ્યક્તિ નવી વિચારશ્રેણી અપનાવ નવેસરથી ખુલ્લી દિલે સમસ્યા હલ કરી શકે. આમ કરવાથી જ જે દેશ અગર સંસ્થાને પરાજય સાંપડયો હતો તે નવા જોમથી ફરીથી ઉંચા આવી શક્યા છે.

મને ખાત્રી છે કે આપણા પક્ષની હાલની અવદશા ઘણા કારણો તથા ભુલોને લીધે થઇ છે. જેમાં સંગઠનની ખામીઓ તથા નજીકના ભુતકાળમાં ચાર પક્ષીય મોરચામાં જે પરિસ્થિતિ પ્રવૃતતી હતી તે મોરચામાં જાન્યુઆરી ૧૯૭૧માં આપણે ભળયા, તેને ગણી શકાય. છેલ્લાં પંદર મહિનાથી પક્ષના પ્રમુખ હોવાથી મને થયું કે આ ભૂલો માટે હું પુરેપુરી જવાબદારી ઉપાડી લઉં.

આ કારણે હું આ પત્ર ધ્વારા પક્ષના પ્રમુખ તરીકે મારૂં રાજીનામું આપું છું અને જનરલ કાઉન્સીલ, જે થોડા દિવસો બાદ મળવાની છે, તેને મારૂં રાજીનામું સ્વીકારવા વિનંતી કરૂં છું. મારો આ નિર્ણય અફર છે. તથા મારા નિર્ણયને બદલવા આપ તથા આપણા સાથીઓ મારા પર દબાણ લાવવાની કોશીષ ન કરશો તો હું આપનો આભાર માનીશ. જે સિધ્ધાંતનો મેં ઉપર ઉલ્લેખ કર્યો છે તેમાં અપવાદને સ્થાન નથી અને મને ખાત્રી છે કે મારૂં આ પગલું ભવિષ્યમાં પક્ષને લાભદાયી નિવડશે. આપણા દેશમાં, પછી ભલેને સરકારમાં અગર અન્ય સ્થળે, ખુરશી પર ચિટકી રહેવાની આદત પડી ગઇ છે. મારી ઇચ્છા છે કે મારા રાજીનામાનો સ્વીકાર કરી આપણો પક્ષ દેશ સમક્ષ એક સારો દાખલો બેસાડવા મદદરૂપ થશે.

અંતમાં, હું આપને ખાત્રી આપું છું કે પક્ષના સભ્ય તરીકે ચાલુ રહેવા મારી ઇચ્છા છે અને મારી શક્તિ અનુસાર, લેખીત તથા મૌખીક રીતે, આપણા પક્ષનું તત્વજ્ઞાન તથા સિધ્ધાંતોનો પ્રચાર કરતો રહીશ.

આપનો વિશ્વાસુ,

મીનુ મસાની

(મીનુ મસાની)